સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પાકાં ફળ જોઈ પદનાં, વાંદરા મારે ગૂલાંટ,
પૈસાનું પાકીટ જોઈ નેતાશ્રીઓ મારે ગૂલાંટ,
મારે ગૂલાંટ મદારીની મીઠી ધાક-ધમકીથી -
લટકતાં ગાજર જોઈ ગધેડાં મારે ગૂલાંટ!!
(ગૂલાંટબાજોની મોસમ)

હાઈકુ

છે ભાગંભાગ!
ડૂબતી નાવ જોઈ -
દોડે મૂષકો...

બંને પક્ષોમાં
લાલચના વહેણે
તણાય નિષ્ઠા...

ચિંતન

ઉત સ્વઃ પશ્યન્ન દદર્શ વાતમુક્ત
ત્વઃ શૃણ્વન શ્રણોત્યેનામ્ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

જે સદુપયોગ સાંભળે, પરંતુ તેને પોતાના જીવનમાં ધારણ ન કરે તે આંધળા અને બહેરા સમાન જ છે.

દરેક માણસ ન તો વાંચી લખી શકે છે અને ન ગ્રંથોને વાંચીને તેમનો વાસ્તવિક અર્થ સમજી શકે છે. ધર્માચાર્યો અને વિદ્વાનોએ આ ગ્રંથોનું વિશ્લેષણ કર્યું છે. સમયની જરૂરિયાત અનુસાર પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવાનો માર્ગ શોધીને અંધકારમાં ભટકતાં બચાવ્યો છે જેનાથી તે મનુષ્ય તકલીફોમાંથી રાહત મેળવી શકે. આ જ્ઞાન તેમને એટલું બધું સામર્થ્ય આપતું હતું કે તેઓ પોતાના દોષ દુર્ગુણોનો ત્યાગ કરીને તેમના સ્થાને સદ્‌ગુણોની સ્થાપપના કરી શકે અને પોતાના જીવનને શ્રેષ્ઠ બનાવી શકે.

વિદ્વાનોનો ઉપદેશ આ જ ધ્યેયની પૂર્તિ કરે છે, પરંતુ આપણું દુર્ભાગ્ય એ છે કે આપણે આંધળા બહેરાની જેમ તેની ઉપર ધ્યાન જ નથી આપતા અને પોતાની ઉન્નતિના સોનેરી અવસરોને એમ જ ગુમાવી દઈએ છીએ.

સુવિચાર

- જે શાસ્ત્રોની વિરુદ્ધ વર્તન કરે છે, તેને શાસ્ત્રો કે શશ્ત્રોનો સામનો કરવો પડે છે - **વિદુર નીતિ**
- અહિંસા એટલે કાર્યોની અહિંસા, જીવદયા એટલે હૃદયની અહિંસા અને એકાંત એટલે વિચારોની અહિંસા તથા અપરિગ્રહ એ વ્યવહારની અહિંસા - **મહાવીર સ્વામી**
- ખુમારી તથા તુમાખી વચ્ચે એક પાતળી લક્ષ્મણરેખા હોય છે, એ ઓળંગી જાવ પછી જે માત્ર તબાહી... તબાહી... - **ચિત્રલેખા**
- આશા અમર છે એ વાત સાચી પણ કેટલીક આશા છેતરામણી હોય, ઘણીવાર એવો વિચાર આવે કે એ આઈસીયુમાં જીવતી રહે તેના કરતાં એનું બાળમરણ થઈ જાય એ હિતાવહ છે - **હિતેન આનંદપરા**
- સંયમિત દેહ, સંયમિત મન ને સંયમિત વાણી જેનાં થયાં તે પોતે પરમાત્મા થઈ ગયો - **આમસૂત્ર**
- કેવી રીતે શીખવું એ જે જાણે છે તેઓ પૂરતું જાણે છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : લીંબુના બીજને વાટી તેનું ચૂર્ણ અડધો તોલો પાણી સાથે પીવાથી પેશાબ છૂટથી થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બગદાદના ફકીર હાશિમ તેમની સૂફી વાતો માટે પ્રખ્યાત હતા. તે વખતે બગદાદના ખલીફા હારૂન એક ભોગવિલાસી અને તામસી પ્રકૃતિનો રાજા હતો. તેને પ્રજાહિતની કોઈ પરવા નહોતી. એક દિવસ ખલીફા હારૂન ફકીર હાશિમને મળવા આવ્યો. ખલીફા હારૂન ફકીરને નમન કરવા તથા તેમનું અભિવાદન કરવા જેવો ઝૂકવા લાગ્યો તે તરત જ હાશિમે તેમને રોકતાં કહ્યું, 'ખલીફા આપતો ખૂબ મહાન છો. આપ તો શહેનશાન છો અને એથી વધુ આપ તો બહુ મોટા ત્યાગી છો, આપ અમારી સમક્ષ ન ઝૂકશો, પણ અમે આપની સમક્ષ ઝૂકી જઈએ છે.' ફકીરનો અર્થ હારૂનને સમજાયો નહીં, તેણે ગુસ્સામાં કહ્યું, 'આપ સંત થઈને મારી મજાક કરો છો ?' હાશિમે જવાબ આપતા કહ્યું, 'ના જી શહેનશાહ, હું તમારી મજાક નથી કરતો. સાચું જ કહું છું તો માત્ર ફકીર છું કે જેણે ફક્ત દુનિયા એશોઆરામ, વૈભવનો ત્યાગ કર્યો છે, જયારે આપ તો પરમ ત્યાગી છો આપ તો આપના પોતાના આત્મા અને પરવર દિગારને પણ ભૂલી ગયા છો, આ પરવર દિગાર જે સમગ્ર દુનિયાનો રચયિતા છે, રક્ષણકર્તા છે તેનો આપે ત્યાગ કર્યો છે જે ત્યાગ સૌથી મહાન છે. આમ દુનિયાની સૌથી મહત્ત્વના તથા સૌથી કિંમતી ચીજનો ત્યાગ કર્યો છે એ ત્યાગ જ મારા ત્યાગ કરતા અનેક ગણો મોટો છે. હવ આપ નક્કી કરો કે કોણે કોની સામે ઝૂંખવું જોઈએ ?' ફકીરની વાત હારૂન પર અસર કરી ગઈ અને તેણે બાકીનું જીવન ફકીરના શીષ્ય તરીકે વિતાવવાનું વક્કી કરી નાખ્યું.

હોળીની જવાળા કોને ફળશે - કોને દઝાડશે

તંત્રીસ્થાનેથી...

ઉત્તર ભારતમાં હોળી એ આનંદ પ્રમોદનો ઓચ્છવ છે. ગુજરાતમાં હોળીને જરા જુદી રીતે મૂલવવાની પરંપરા છે. ધુળેટીમાં રંગ - છાંટણાં અને કાદવકીચડથી રગડાયેલા પ્રાકૃત આનંદનો મહિમા આપણા પ્રદેશમાં પણ છે, પરંતુ હોળી પૂર્વેના આઠ દિવસોને આપણે ત્યાં અપશુકનિયાળ ગણવામાં આવે છે. 'હોળાષ્ટક' દરમિયાન કોઈ શુભ કાર્ય થતું નથી. એ નામની એક નવલકથા પણ ગુજરાતી સાહિત્યમાં ઉપલબ્ધ છે. હોળી સાથે ભક્તરાજ પ્રહ્લાદ અને એના રાક્ષસ પિતા હિરણ્યકશિપુ તથા ફોઈબા હોલિકાની પુરાણકથા પણ પ્રચલિત છે. પ્રહ્લાદ વિષ્ણુની ભક્તિ કરે તે અહંકારી રાક્ષસ રાજવીને હરગિજ પસંદ નહોતું. અનેક પ્રકારના ત્રાસ આપ્યા પછી પ્રહ્લાદને જીવતો સળગાવી મૂકવાનો કારસો ગોઠવાયો. 'હોલિકા ફાયરપ્રૂફ' હોવાનું વરદાન ધરાવતી હતી. ખોળામાં બાળ પ્રહ્લાદને લઈને બેઠી પરંતુ પરિણામ ધાર્યા કરતાં વિપરીત આવ્યું. હોલિકા સળગી ગઈ, પ્રહ્લાદ હેમખેમ રહ્યો. આ ચમત્કારિક ઘટનાની સ્મૃતિમાં વિષ્ણુભક્તો હોલિકાદહનનો પ્રસંગ વરસોવરસ ઊજવતા થયા.

અદ્દલ દશેરાના રાવણ દહનને મળતો આ પ્રસંગ ગણાય. આજકાલ ઠેર ઠેર હૈયા હોળી સળગેલી જ છે. રાજાકરણ એટલી હદે ગંદુ ગોબરું બની ગયું છે. હોળીમાં ઘેરૈયા તો માત્ર મનોરંજન ખાતર ગાળાગાળી કરતા હોય છે. રાજકીય ઘેરૈયા દાંત કચકચાવીને સામા પક્ષની સાત પેઢીઓને વગોવતા ફરે છે. લોકોશાહીનું આળું વરવું સ્વરુપ કદાચ કોઈએ કલ્પ્યું પણ નહીં હોય. શાસક પક્ષના સાંસદ સાક્ષી મહારાજ તો આ ચૂંટણી છેલ્લી ચૂંટણી બની રહેશે એવી આગાહી કરી ચૂક્યા છે. ઘણા રાજકીય વિશ્લેષકોને વર્તમાન શાસકો લોકશાહીનું નિકંદન કાઢીને જંપશે એવી દહેશત પીડી રહી છે. પંરતુ ભારતીય મતદાતાની કોઠાસૂઝને નજરઅંદાજ કરવાની જરૂર નથી. એ ભલે અભણ હશે, ગરીબ હશે પરંતુ કયારે કેવો નિર્ણય કરવો એની એને પાકી સમજણ છે. હિંદુસ્તાનના હુલામણા નામે ઓળખાતા આ દેશમાં હિંદુ બહુમતી હોવા છતાં કટ્ટરતા નથી ચાલી શકતી તે આ પ્રજાની મસમોટી સિદ્ધિ અને ઉપલબ્ધિ છે. ગત લોકસભાની ચૂંટણીમાં મોદી 'વિકાસપુરુષ'ની ઈમેજ ધરાવતા હતા. ધર્મ-સંપ્રદાયનો મુદ્દો હતો ખરો પણ ગૌણ હતો. પાંચ વર્ષના મોદીશાસન દરમિયાન નોટબંધીથી લઈ રાફેલ સુધીના મુદ્દાઓ ઊભા થયા છે. બેરોજગારીએ માઝા મૂકી છે. આ તમામ માઈનસ પોઈન્ટ સામે મોદીની છપ્પનની છાતી પ્રજાને ફરી એક વાર હીરો તરીકે સ્વીકારવા પ્રેરે તો નવાઈ નહીં. રામમંદિર સહિતના મુદ્દા હાંસિયે ધકેલાઈ ગયા છે અને બાલાકોટ પર કરાયેલ ઍર સ્ટ્રાઈકનું શ્રેય મોદીને મૂઠી ઊંચેરા નેતા તરીકે રજૂ કરવા ખપ લાગી રહ્યું છે. કોંગ્રેસે પૂરી તાકાક લગાવી દીધા છતાં માયાવતી સાથે સમાધાન નથી થઈ શક્યું. મહાગઠબંધન વેરવિખેર હાલતમાં છે. રાહુલ ગાંધી અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. મોદીનું અનુકરણ કરી તમામ ભાજપી નેતાઓ પોતાના ટ્વિટર એકાઉન્ટમાં 'ચોકીદાર' શબ્દ લગાડી રહ્યા છે. ચોકીદારોનો વૈભવ પ્રજાએ જોયો છે. એની સામે 'ચોકીદાર ચોર હૈ'નો રાહુલ બ્રાન્ડ નારો વધારે ગૂંજતો થાય એવી શક્યતા નકારી શકાતી નથી. વડાપ્રધાન તો દિવંગત મનોહર પારિકર જેવો સંનિષ્ઠ અને સાદગીભરી જિંદગી જીવનારો હોવો જોઈએ. મોદી કે રાહુલ બલકે મહાગઠબંધનના પ્રાદેશિક નેતાગણમાં પણ મમતા દીદી સિવાય આવું કોઈ પાત્ર નજરે પડતું નથી. પ્રજાની આ હૈયાહોળીમાં હવે હોળીનું નારિયેળ કોણ બને છે અને હોળી કોને ફળે છે - એનો જવાબ તો છેક ૨૩ મે ના રોજ મતગણતરી થશે ત્યારે મળે તો મળે.

આજે હોળીની ખુશીનોનો રંગ અમારા જીવનમાં છવાઈ ગયો

નવાં કલેવર
નટવર હેડાઉ

અજય આજ ખુબ જ ઉદાસ હતો. તેને વારંવાર મમ્મી દ્વારા બોલાયેલ વાક્યો યાદ આવતા હતા. જે તેણે કામવાળી બાઈ સાથે વાત કરતાં કહેલ કે, 'હવે હું તને એક રૂપિયો પણ નહીં આપું, આ માસના રૂપિયા તું એડવાન્સ લઈ ગઈ છે. હોળીને ધુળેટીનો તહેવાર છે. મારે ઘણા ખર્ચા છે.'

નોકરાણી ખૂબ જ ગરકરી કે તેની નાની દીકરી ખૂબ બિમાર છે. દવા માટે સો રૂપિયા આપો. પણ મમ્મીનું હૃદય જરાય ન પીગળ્યું.

અજય મમ્મીને તો કોઈ કહી શક્યો નહીં. પણ તેને મનમાં માંના આ વર્તન અંગે ખૂબ ગુસ્સો આવ્યો. જો મમ્મી તેને સો રૂપિયા આપી જ દીધા હોત તો એમાં શું બગડવાનું હતું.

તેણે ખાધું પણ નહીં. મમ્મીએ પૂછ્યું તો તેણે માથું દુઃખે છે એમ કહી દીધું.

'હોળીનો તહેવાર છે. મને ઓફિસમાંથી માર્ચ એન્ડીંગને કારણે ફૂરસત મળી નથી. ચાલ તૈયાર થઈ જા. બજારમાં જવાનું છે.' પપ્પાએ અજયને કહ્યું.

અજયને કયાંય જવાનું મન થતું નહોતું. પણ કોણ જાણએ કંઈક વિચારીને તે પપ્પા સાથે બજાર જવા નીકળ્યો. રસ્તામાં તેણે પપ્પાને કહ્યું, 'પપ્પા આપણે શું શું લેવાનું છે ?'

'બેટા તારા માટે પિચકારી, રંગ, ખજુર, ધાણી, બધું લેવાનું છે.'

'પપ્પા, મારે નવી જાતની પિચકારી લેવી હોય તો કેટલાની આવે?'

'દોઢસો બસો રૂપિયા તો થાય.'

'પપ્પા, એક કામ કરો ને મારે પિચકારી નથી લેવી, ગુલાલથી ચાલશે. પાણીનો અને પૈસાનો બંનેનો બચાવ થશે. અને પર્યાવરણને પણ ફાયદો થશે. તમે મને સો રૂપિયા રોકડા આપી દેજો.'

'બેટા, તારા આ વિચારો મને ગમ્યા, પણ તને આવું કેમ સૂઝયું.' પિતાને આશ્ચર્ય થયું.

'પપ્પા, આપણી કામ વાણી સોનીબાની નાની દીકરી ખૂબ જ બિમાર છે. એમ કહી તેણે સવારે તેની મમ્મીની બધી વાત પપ્પાને કહી.'

આખી વાત સાંભળી પપ્પાએ અજયને કહ્યું, 'સારું બેટા, હું તને સો રૂપિયા આપીશ. પણ એ પછી વધારે માંગતો નહીં.'

'ભલે પપ્પા.' અજયે ખુશ થઈ કહ્યું. બજારથી પાછા ફરતા અજય સીધો નોકરાણીના ઘરે ગયો. તેણે બારણું ખોલતાં જ રડવાનો અવાજ સંભળાયો. 'દીકરી મારી પાસે બિલકુલ પૈસા નથી. જયાં કામ કરું છું તેમણે સો રૂપિયા પણ ઉછીના ન આપ્યા. તારા માટે દવા કઈ રીતે લાવું.' કહેતાં તે જોર જોરથી રડવા લાગી.

આ સાંભળી અજયનું હૈયું ભરાઈ આવ્યું. ભારે મનથી તેણે ઘરમાં પ્રવેશ કર્યો. અજયને પોતાને ઘરે આવેલ જોઈ તેને આશ્ચર્ય થયું. તે અજયને કંઈક કહેવા માંગતી હતી પણ ડુસકાને કારણે અવાજ ગળામાં જ અટકી ગયો.

અજયે જૂના ખાટલા પર સુતેલી બાળકીને જોઈ. તેની આંખો અને ચહેરા લાલ થઈ ગયો. તેણે સો રૂપિયાની નોટ તેની માં તરફ લંબાવતા કહ્યું, 'હું પપ્પા પાસેથી આ રૂપિયા લાવ્યો છું. તમે આના માટે દવા લઈ આવો.' આટલું કહી તે ઘર તરફ પાછો ફર્યો.

આજ સવારથી હોળી રમવાનું શરૂ થઈ ગયું હતું. અજયે બે રંગના પેકેટ અને એક ગુલાબનું પેકેટ પોતાના ખિસ્સામાં મુક્યું. પછી રમવાને બહાને સોનીબાના ઝૂંપડા તરફ ચાલી નીકળ્યો. તેમના ઘરનું બારણું ખુલ્લું જ હતું. તે અંદર પ્રવેશ્યો ત્યારે સોનીબા ખુશ થતાં બોલ્યા. 'આવ બેટા અજય, આજ તે મારી દીકરીને નવું જીવન આપ્યું છે. આજ હોળીની ખુશીનોનો રંગ અમારા જીવનમાં છવાઈ ગયો છે. ભગવાન તારું ભલું કરશે.'

અજયે પોતાના ખિસ્સામાંથી રંગ અને ગુલાલના પેકેટ કાઢ્યા અને ચપટી ગુલાલ નાની બાળકીના ગાલે લગાડી દીધું. તે સૂતા સુતા જ હસી પડી.

થોડીવાર બાદ અજય ઘેર પાછો ફર્યો. તે ખુબ ખુશ હતો. તેની આંખોમાં વારંવાર નાની બાળકીની છબી દેખાતી.

સંબંધો : વ્યક્તિએ નિર્ણય લેવો જ પડે કે પોતે પાંડવ પક્ષે છે કે કૌરવ પક્ષે

(ગતાંકથી ચાલુ)

મહાભારતની કથા અનુસાર પાંડવો અને કૌરવો વચ્ચે દ્યૂત ખેલાયું અને એ દ્યુતની રમતમાં યુધિષ્ઠિર પોતાના બધા જ રાજપાટ હારી ગયા. ત્યાર પછી તેમણે એક પછી એક પોતના ચારેય ભાઈઓને હોડમાં મૂક્યા અને એ બાજીઓ પણ હારી ગયા. પોતાના ચારેય ભાઈઓને હારી ગયા પછી તેમણે પોતાની જાતને હોડમાં મૂકી અને એ બાજી પણ હારી ગયા. પોતાની જાતને હારી ગયા પછી છેવટે યુધિષ્ઠિરે દ્રૌપદીને હોડમાં મૂકી અને એ બાજી પણ હાથમાંથી સરકી ગઈ. દ્રૌપદીને જીતી લીધા પછી છાટકા થયેલા દુર્યોધને દ્રૌપદીને રાજસભામાં ઉપસ્થિત થવા માટે આદેશ કર્યો. એ સમયે દ્રૌપદી એક કુલવધૂ તરીકે ભીષ્મ પિતામહને એક પ્રશ્ન પૂછે છે કે પોતાની જાતને હારી ગયા પછી પોતાના પતિ યુધિષ્ઠિર પોતાની પત્નીને હોડમાં મૂકી શકે? આપનો ધર્મ શું કહે છે?

દ્રૌપદીના પ્રશ્નના ઉત્તરો પોતે શા માટે આપી શકે તેમ નથી તેના કારણો દર્શાવીને ભીષ્મ પિતામહે કહ્યું હતું કે;

"... તસ્માન્ન તે પ્રશ્નમિમં બ્રવીમિ!"

અર્થાત,

"...તેથી હું તારા પ્રશ્નનો ઉત્તર આપી શકું તેમ નથી."

"...સ્માન્ન શકનોમિ વિવેકમેતુતત !"

અર્થાત,

"...ઉચિત શું છે તેનો નિર્ણય કરવા હું અશક્ત છું."

" . . . ન ધર્મસૌક્ષ્મ્યાત્સુભગે વિવકતું શકનોમિ, તે પ્રશ્નમિમં યથાવત !"

અર્થાત,

".....ધર્મ અતિ સૂક્ષ્મ હોવાથી હું તારા પ્રશ્નનો ઉત્તર આપી શકું તેમ નથી."

આપણે સૌ જાણીએ છીએ કે ભીષ્મ પિતામહ પોતાના મનથી હંમેશા પાંડવોના પક્ષે હતા પણ દ્યૂત પછી દ્રૌપદીના અણીદાર પ્રશ્નોનો ઉત્તર ના આપવો પડે, પોતાનો પક્ષ છતો ના થઈ જાય એટલા માટે કદાચ તેમણે તટસ્થતાનો ડોળ કર્યો. આમ જોઈએ તો ભીષ્મ પિતામહ ધર્મના જ્ઞાતા હતા પણ એ સમયે ધર્મના ઓઠા હેઠળ જ પોતે તટસ્થ રહેવાનુ પસંદ કર્યું અને પોતાનો કોઈ જ પ્રકારનો નિર્ણય ના આપ્યો.

મહાભારતના યુધ્ધ સમયે વિદૂરજી અને બલરામજી તટસ્થ રહ્યા હતા અને પાંડવો કે કૌરવો બેમાંથી કોઈનો પણ પક્ષ ના લેવો પડે એટલા માટે તેઓ યુધ્ધ દરમ્યાન યાત્રાએ નીકળી પડ્યા હતા. હકીકતમાં વિદૂરજી પણ પોતાના મનથી હંમેશા પાંડવો પક્ષે જ રહ્યા હતા છતાં યુધ્ધ સમયે તેમણે કોઈનો પક્ષ ના લીધો. બલરામ અને વિદૂરજીની તટસ્થતા સામે શ્રીકૃષ્ણએ પાંડવોનો પક્ષ લઈને પોતાની નિર્ણયશકિત સ્પષ્ટ રીતે વ્યકત કરી હતી, જ્યારે બલરામ અને વિદૂરજી પોતાનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ ના કરી શક્યા.

તટસ્થ રહેનાર વ્યક્તિને એક પ્રકારનો ડર હોય છે કે પોતે જો કોઈ એકનો પક્ષ લેશે તો પોતે હંમેશ માટે બેમાથી એક પક્ષની દુશ્મની વહોરી લેશે. વ્યકિત એવું પણ કદાચ માનતી હોય કે જો પોતે તટસ્થ રહેશે તો ભવિષ્યમાં પોતે ક્યારેક મુશ્કેલીમાં મુકાશે, પોતાને કોઈના સાથ સહકારની જરૂર પડશે ત્યારે પોતાને બન્ને પક્ષનો સાથ સહકાર મળી રહેશે. બંને પક્ષ સાથે સંબંધો જાળવી રાખવાના આશયથી વ્યકિત કદાચ બંને પક્ષે તટસ્થ રહેતી હોય છે. વ્યકિતની આ પ્રકારની માન્યતા હોય તો એ વ્યકિતનો ભ્રમ છે. તટસ્થ રહીને વ્યકિત બંને પક્ષ સાથેના સંબંધો ગુમાવી બસે એવું પણ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

બની શકે અને પોતે મુશ્કેલીમાં મુકાય ત્યારે બંનેમાંથી કોઈ જ તેના પક્ષે ના ઊભું રહે એવું બની શકે. વ્યકિત દહી-દૂધ બંનેમાં એકસાથે રહી શકે નહીં તેમણે બંનેમાંથી એક પસંદગી તો કરવી જ રહી.

તટસ્થ રહેનાર વ્યકિતનું વ્યકિતત્વ પણ ઘણીવાર રહસ્યમય લાગતું હોય છે કારણ કે તેનો અભિગમ સ્પષ્ટ રીતે લોકો કળી શકતા નથી. આ પ્રકારની વ્યકિતને ઘણીવાર "મીંઢી વ્યકિત" જેવા લેબલ પણ લાગી જતાં હોય છે જેને કારણે અન્ય પ્રકારના આર્થિક કે સામાજિક વ્યવહારોમાં પણ તેને લોકો એ જ નજરથી નિહાળતા હોય છે અને એ જ પ્રકારે વ્યવહારો કરતાં હોય છે.

કોઈપણ કુટુંબમાં આર્થિક અને સામાજિક વ્યવહારોને લગતા નિર્ણયોમાં કુટુંબની મુખ્ય વ્યકિતનો સિંહફાળો હોય છે. આ પ્રકારના નિર્ણયો વિષે જયારે કુટુંબમાં ચર્ચા વિચારણા થાય ત્યારે કુટુંબની મુખ્ય વ્યકિત જ તટસ્થ રહેવાનો ડોળ કરીને, તટસ્થ રહેવાનો એક ભ્રમ રચીને અનિર્ણાયક રહે છે ત્યારે કુટુંબની મુખ્ય વ્યકિતના આ પ્રકારના અભિગમને કારણે કુટુંબના અન્ય સભ્યો પણ એ જ રાહ અપનાવે છે. આવું થવાને કારણે એ કુટુંબની મોટાભાગની સમસ્યાઓ અનિર્ણાયક રહી જતી હોય છે. છેવટે પરિણામ એવું આવે છે કે કુટુંબના કેટલાક પ્રકારના સામાજિક અને આર્થિક વ્યવહારો પણ ખોરવાઈ જતાં હોય છે. છેવટે કુટુંબનો સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વિકાસ અટકી જતો હોય છે અને એ કુટુંબના સામાજિક સંબંધોમાં પણ અડચણો ઊભી થતી હોય છે. આપણે જાણીએ છીએ એમ ભીષ્મ પિતામહ તેના કુળના મુખ્ય વ્યકિત હતા પણ તેઓ હંમેશા પોતાની પ્રતિજ્ઞાના અંચળા હેઠળ તેઓ તટસ્થ રહ્યા મતલબ કે અનિર્ણાયક રહ્યા જેને કારણે કૂળનો વિનાશ થઈને રહ્યો.

(ક્રમશઃ)

થોટ

નટવર આહલપરા

દેઢ મનોબળ - મક્કમતા

'મન હોય તો મળાવે જવાય' - આપણા મનમાંથી જ સુખ-દુઃખ, આશા-નિરાશા જન્મે છે, જેનું મન મક્કમ હોય તેને સુખ-દુઃખની સમાન અસર થાય છે. કહેવાયું છે ન કે,

કદમ અસ્થિર હો એને રસ્તો જડતો નથી,
અડગ મનના મુસાફરને હિમાલય નડતો નથી.

મનની અસ્થિરતા, મનના નબળા વિચારો જ માણસને અસ્થિર બનાવે છે. આવા નબળા મનના માનવીઓને રસ્તો જડતો નથી. હેલન કેલર, પંડિત સુખલાલજી, રવીન્દ્ર જૈન જેવી અંધ પ્રતિભાઓ દેખતા લોકોને સંદેશ આપી જાય છે કે, 'અમારી પાસેથી ઈશ્વરે દેખ્યાનો દેશ ભલે લઈ લીધો પણ કલરવની દુનિયા અમારી છે, કેવું દેઢ મનોબળ, કેવી મક્કમતા કહેવાય !'

સ્ટીફન હોકિંગ્ઝ સેરેબલ પાલ્સી વગેરે રોગોથી ઘેરાયેલાં છતાં વિશ્વના સમર્થ વૈજ્ઞાનિક બન્યા તેની પાછળ તેમનું દેઢ મનોબળ અને મક્કમતા જ મુખ્ય છે.

તારા મન દર્પણ કહેલાએ... મન આપણું દર્પણ છે. રમતવીરો તરવૈયાઓ, ખેલાડીઓ, પોલીસો કેટકેટલાયે પ્રતિભાઓની સફળતાના કેન્દ્રમાં દેઢ મનોબળ અને મક્કમતાનું જ પ્રભુત્વ હોય છે.

મનની અગાધ શક્તિને કોણ પામી શક્યું છે ? મનથી કોઈ ભાગી શક્યું નથી. મનથી કોઈ મોટું નથી. દેઢમનોબળથી જ, મક્કમતાથી ધાર્યું પરિણામ મેળવી શકાય છે !

અમૂલ્ય જીવનને સાર્થક કરવાની તત્પરતા કેમ નથી ?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જનજીવન પ્રતિદિન અજંપા યુક્ત થઈ રહ્યું છે વિશ્વભરમાં પણ તનાવ, ઉગ્રવાહ, હિંસા, શોષણ સતત વધી રહ્યા છે જાણે માનવ કોઈ દાનવની છાયામાં આવી ગયો છે ! કેટલાય જન્મોના સદ્‌કર્મો બાદ માનવ જન્મ પ્રાપ્ત થાય તેની કોઈ ખેવના પણ રહેવા પામી નથી. બધું જ મને જોઈએ અને અમાપ પ્રમાણમાં જ જોઈએ તેવો એક હઠાગ્રહ પેદા થઈ ગયો છે. ચોવીસ કલાકમાંથી અમુક સમય ઈશ્વર કે ભગવાનનો આભાર માનવામાં પણ આજનો માણસ કાઢતો નથી કમાઈને વાપરવામાં પણ લોભ છે અને કમાણી ઉપર લઈ જઈ શકાતી નથી અન્યને આપો અથવા મૂકી ને જાઓ એ નિયમને જાણ્યા બાદ કોઈ અમલ કરવા તૈયાર નથી. જીવનનું સાર્થક્ય શેમાં છે ? ચિંતન કરવા જેવો વિષય છે પણ સમાજ માત્ર ભોગ અને રોગનાં ભરડામાં બરાબર ભેરવાઈ ગયો છે. આદર્શો કોઈ રહ્યા નથી કે સાચી શ્રદ્ધા નામશેષ થઈ ગઈ છે. અરે ભાઈ, લોકશાહીને જીવંત રાખવા ચૂંટણીઓ તો આવે અને જાય પરંતુ જનજીવનમાં વિષ ઘોળાય એ કેમ ચાલે? બધાને વિચારવાની સ્વતંત્રતા છે પણ નીજી માન્યતાને સર્વ લોકો અનુસરે એવું માનવું એ અજંપાનું જન્મસ્થાન બની જાય છે. જીવન નજર સામેથી રોજ પસાર થાય છે અને તેની અવધિ રોજ કમ થાય છે તે સત્યને નજર અંદાજ કરી શકાય તેમ નથી. જીવમાં ચેતના છે એ જ શિવ છે. રૂહને મૃત્યુથી કોઈ ડર નથી, દેહને કર્મફળનો ભય અવસ્ય સતાવે છે. ઈશ્વરને પ્રેમથી માનતા લોકો બહુ જ કમ છે પણ મુશ્કેલ હાલતમાં એ મદદ કરશે તેવું માની ને માનવામાં ઘણા લોકો છે !! સમયની કદર નથી એટલે જ જીવનની કદર નથી. વાસ્તવમાં સમય એ જ સુપ્રીમ પાવર છે.

ગુસ્સો, દલીલબાજી, નફરત, ઘૃણા, હિંસામાં જીવવું એ એક અપરાધ છે કેમ કે જીવન આ પ્રકારમાં જીવવા માટે મળ્યું નથી. પરપીડામાં સહાય કરી જીવનને સાર્થકતા આપવી એનું નામ જ ઈન્સાનિયત છે.

"જે પ્રાપ્ત છે એ જ પર્યાપ્ય છે

આ બે શબ્દોમાં સુખ અપાર છે."

જીવન માટે વ્યક્તિનોનો ખુદનો આદર ખત્મ થાય પછી જ બધી ખરાબી શરૂ થતી હોય છે. જીવન હશે ત્યાં સુધી તો સમસ્યાઓ પણ રહેવાની તો શું સંઘર્ષ નહીં કરવાનો ? સંઘર્ષથી સફળતા અને આત્મવિશ્વાસ મજબૂત થતા હોય છે. ટૂંકા રસ્તાઓ સફળતા તરફ જતા દેખાય પણ એ લક્ષ્યને ભટકાવે છે મૃગજળથી તૃષા છિપાતી નથી

'પહેલે લોગ મરતે થે
ઔર આત્મા ભટકતી થી
અબ આત્મા હી મર ગઈ હૈ
ઔર લોગ ભટક રહે હૈ'

વાસ્તવિક વિશ્વમાં હવે સાદગી, સત્ય, મૂલ્યો તદ્દન ઘટી ગયા છે એટલે વૈશ્વિક રાજકારણ બધાને શાંતિ આપતું નથી. ઝમીરને જીવંત રાખવાની મથામણ કરવી એ જ સાચું જીવન છે, ઝેર સાથે રાખીને જીવવામાં આનંદ લુપ્ત છે. વાણીથી ક્ષમા કરવામાં વિલંબ નથી થતો પણ દિલથી માફ કરવામાં જિંદગી નીકળી જાય તેવી સચ્ચાઈ છે ત્યારે મન વચન કર્મથી જીવનમાં પરમાર્થ ને આવકારવું એ રામરાજયના ઉદય જેવી ઘટના છે. સુંદર શેર છે -

'આંખે ભી ખોલની પડતી હૈ
ઉજાલે કે લિએ
કેવલ સૂરજ કે નિકલને સે હી
અંધેરા નહીં જાતા.'

જીવન ચમત્કારોથી ભરપૂર હોય છે પરંતુ તેને સમજવાની ક્ષમતા અને જોવાની દ્રષ્ટિ હોવી જોઈએ. પરકાજે જીવન જે જીવે એ સાર્થક થાય છે તેવી જ સરહદે જવાન પ્રાણ આપે તેને શહીદ કહેવામાં આવે છે. જીવનનને વેંઢારવાનું હોતું નથી તેને સ્નેહસરિતાના રૂપમાં વહેતું રાખવાનું હોય છે ! વનમાં મનભર ઉપવન મધમધે તો જીવન સાર્થક થાય છે.

સાર્થક જીવન જીવવાની તત્પરતા ઘટી છે કારણ કે ખુદ વ્યક્તિ જ પરેશાન છે, જવાબદારીઓનું દબાણ વધ્યું છે. મજબૂત સાચી શ્રદ્ધા ઘટી છે અને ભૌતિકતા વધી રહી છે એટલે જીવન ખુબ અશાંત બન્યું છે. સ્વપ્ના અને દિવાસ્વપ્નમાં પણ સુખ કશે દેખાતું નથી. કારણ કે શોષણ ઘટી રહ્યું નથી અંતે માણસ હારીને ઉદાસ થઈ જાય છે જેની પ્રતીતિ રોજ બધાને થાય છે !! નિષ્ક્રિય યુધિષ્ઠિર અને સક્રિય દુર્યોધન આજના વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. દરેક વ્યક્તિને તમે જેને જાણો છો એની અંદર એક એવી વ્યક્તિ છે જેને તમે નથી જાણતા અથવા તેને જાણી શકાતી નથી આ પ્રકારની દુનિયામાં આપણે જીવન સાર્થક્ય શોધવાનું છે ! પથ્થરમાં ઈશ્વર છે એ સમજાવવામાં ધર્મ સફળ રહ્યો પણ માણસમાં ભગવાન છે એ સમજાવવામાં ધર્મ નિષ્ફળ રહ્યો તેવી હાલત છે ત્યારે દરિદ્રનારાયણને હૂંફ કે સહાય કરવાથી જીવનમાં હર્ષ જરૂર આવે છે ઈશ્વરે આપેલું જીવન સહેતુક જ હોય છે પણ આપણે સ્વયં એ સ્વીકારતા નથી માટે તેનું મૂલ્ય પણ કરતા નથી. ચિત્રગુપ્ત કોઈ ચોપડા લખતા જ નથી તમે પોતે જ તમારું ચિત્રગુપ્ત રીતે દોરતા રહો છો. આ વાત સમજાય તો માનવીની કર્મ શૈલી અવશ્ય બદલાય જાય છે. કોઈના દિલને તમારા કારણે દુઃખના પહોંચે તેની તકેદારી રાખવી તેનું નામ ધર્મ અને કોઈક નો આત્મા તમારા ભરોસે હૂંફ અનુભવે તેનું નામ કર્મ. જીવનનો આ મર્મ સમજાય તો જીવન જરૂરથી સાર્થક થઈ જાય છે. આપણે જીવન સાર્થકતાના જિજ્ઞાસુ થઈએ એ જ પ્રાર્થના.

શેર આસ્વાદ :
જેને ગમ્યો એમણે ધૂપ કહી દીધો મને
ના ગમ્યો જેને એ ધૂમાડો કહી ગયા મને.